# Greenlamans High School

## Final Exam Year 2018

STD : VIII-A
Date:

Subject : Gujrati Lang (II)

Time : 2.5 Hrs.
Marks : 80

---

**સૂચના :-** દરેક પ્રશ્નોના ઉત્તર, ઉત્તર પત્રિકામાં જ લખવા જરૂરી છે.

## વિભાગ - અ

**પ્રશ્ન ૧ અ) નીચે આપેલા સવાલના જવાબ બે-ત્રણ વાક્યમાં લખો.** (૫)

૧) આજથી વીસ - પચ્ચીસ વરસ પછી આ દેશના રંગમંચ પર કેવા લોકો આવશે તે માટે લેખક શી કલ્પના કરે છે ?

૨) કોડિયું શેનું તિમિર દૂર કરે છે ? કોડિયાને શેની ભાવના સ્પર્શતી નથી ?

૩) પહેલી આંગળી શું કામ કરે છે ? અંગૂઠાનું શું મહત્વ દર્શાવ્યું છે ?

૪) કિશોર ના મતે રાષ્ટ્રને આજે શેની જરૂર છે ? કિશોર સનતને ક્યા શપથ લેવાનું કહે છે ?

૫) જગત અને ભગત વચ્ચે કેવો સંબંધ હોય છે ? સંસારના લોકો શું જોઇ શકતા નથી ?

**પ્રશ્ન ૧ બ) નીચે આપેલા સવાલના જવાબો એક-બે જ શબ્દમાં લખો.** (૪)

૧) કવિને કોની આંખો લ્હોવી છે ? ...............

૨) 'વૃધ્ધો:' આપણો વારસો' ક્યા દેશની લોકકથા છે ? ................

૩) શિવાજી અને રાણા પ્રતાપ કેવા હતા ? .............., ................

૪) આલ્બર્ટ આઇન સ્ટાઇનો ક્યો સિધ્ધાંત વિશ્વભરમાં આકર્ષણ ફેલાવ્યો હતો ?............

૫) કિશોર અને રેણુકાની મમ્મીને ક્યું કામ બહુ ફાવે છે ?.............

૬) કોડિયું સદાય કેવું રહે છે ? ................

**પ્રશ્ન ૧ ક) નીચે આપેલી ખાલીજગ્યા પાઠને આધારે પૂરો :-** (૪)

૧) આપણો દેશ .................. માને છે. તેથી દેશમાં .................. ઉભી કરનારાઓની તો અમે બૂરી વલે કરીશું.

૨) ઇતિહાસ હંમેશા ................ છે. નવા ............. થયા જ કરે છે. આપણે એને અનુફળ બનવું રહ્યું.

૩) આઇનસ્ટાઇનનો ડ્રાઇવર પણ આટલો ............. અને ................ હશે એવી કોઇને કલ્પના ન હોતી.

૪) આ છે ને સ્વાધીન ભારતનો મહેનતુ .................... અને ............ યુવાન એને જોઇને કોની છાતી નહિ ફૂલે ?

**પ્રશ્ન ૧ ડ) નીચેના વાક્યો કોણ બોલે છે કોને કહે છે તે લખો.** **(૨)**

૧) 'વત્સ', આ ડાળખી ઓળખીલે - રસ્તામાં એની એંધાણીએ ચાલ્યો જજે.

૨) 'ઓહ'! તમે આ બાબત વિશે જાણવા માંગો છો! આ તો સાવ સહેલું છે.

૩) દેશની સંસ્કૃતિ વેરવિખેર કરવા એ ચઢી આવ્યા.

૪) અમે અભ્યાસ પૂરો કર્યા પછી મિલિટરી સ્કૂલમાં દાખલ થવા ઇચ્છીએ છીએ.

**પ્રશ્ન ૨ નીચે આપેલી કવિતાની પંક્તિ કાવ્યને આધારે સમજાવો :-** **(૫)**

૧) વધારો થાય માત્રાનો, પછી હર ચીજ બૂરી છે.
ટકોરો છે ખરેખરનો, તને સમજાય તો સારૂં.

૨) સામટું આવે ભલે જગતું અંધારૂં,
તોય હૈયામાં હું હિંમત ના હારૂં,
સંતાન આખરે તો સૂર્ય તણું હું......

**પ્રશ્ન ૩ નીચે આપેલા પૂર્વાપર સંબંધ પાઠના આધારે સમજાવો :-** **(૫)**

૧) 'આજે તો હું આબાદ બચીગયો પણ ફરી આવું ન કરતા હોં ?'

૨) 'હત્તારીની આ છોકરાએ અત્યારમાં ઊંઘ ખરાબ કરી કોણ જાણે ક્યાંથી આવે છે ?'

**પ્રશ્ન ૪ નીચે આપેલા સવાલના જવાબ વિસ્તારથી સમજાવો.:-** **(૧૫)**

૧) 'ભારતના ભડવીર' કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

૨) બાપુજીના ઘરે બૂટપૉલિશનો રોજનો કેવો ક્રમ થઇ ગયો ?

૩) પાંચે આંગળીઓનું મહત્વ સમજાવી તેના દ્વારા સમજને શું શીખ મળે છે ?

૪) ટી.વી. ના ક્યા સમાચારે પિતાના હૃદયનું પરિવર્તન કર્યું ?
હૃદય પરિવર્તન પછી પિતાએ ક્યો નિર્ણય કર્યો ?

૫) જો જો રે મોટાના બોલ, ઉજડ ખેડે બાજ્યું ઢોલઃ
અંધે અંધ અંધારે મળ્યાં, જ્યમ તલમાં કોદરા ભળ્યા,
ન થાય ઘેંસ કે ન થાય ઘાણી, કહે અખો એ વાતો અમે જાણી.
'છપ્પા' ની પંક્તિઓ તમારા શબ્દમાં સમજાવો.

## <u>વિભાગ - બ</u>

**પ્રશ્ન ૧ અ) નીચે આપેલા શબ્દના સમાનાર્થી શબ્દ લખો.** **(૫)**

| | |
|---|---|
| ૧) એંધાણી = ............. | (૬) રોચક = ............. |
| ૨) સામ્યતા = ............. | (૭) મહત્વાકાંક્ષાર = ............. |
| ૩) ધૂની = .............. | (૮) પ્રભાત = ............... |

૪) આક્રમણ = ................ (૯) ઝુરાપો = ...........

૫) જ્યાફત = ................ (૧૦) ફૌજી = ...........

**પ્રશ્ન ૧ બ) નીચે આપેલા શબ્દના વિરોધી લખો.** **(૩)**

૧) સુંવાળી x ............. ૪) ઉત્સાહ x .............

૨) જડ x ................. ૫) સશસ્ત્ર x .............

૩) રસદાર x ............... ૬) અનુકૂળ x .............

**પ્રશ્ન ૧ ક) નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.** **(૫)**

૧) ગાય ની હત્યાનું પાપ કરનારૂં = ..............

૨) જન્મથી જ પૈસાદાર = ...............

૩) આકાશમાં ફરનારૂં = ................

૪) છાપાં ને ખબર મોકલનાર = ................

૫) નજર ચુકાવી પારકી વસ્તુ ઉઠાવનાર = ................

૬) જોઇએ તે કરતાં ઓછું વાપરનાર = ................

૭) લેખકે ધારણ કરેલું બીજું નામ = .................

૮) પાણીમાં ઘોળેલું અફીણ = .................

૯) જરા વારમાં નાશ પામે તેવું = .................

૧૦) આકાશ અને પૃથ્વી જ્યાં મળતાં દેખાય છે તે રેખા = ................

**પ્રશ્ન ૧ ડ) નીચે આપેલા રૂઢિપ્રયોગના અર્થો લખી વાક્ય બનાવો.** **(૫)**

૧) દિલ્હીનો શાહુકાર = .............

૨) દૂધમાંથી પોરા કાઢવા = ................

૩) ધોયેલ મૂળો = ................

૪) નાડ પકડવી = ..............

૫) પાકું પાન = .............

**પ્રશ્ન ૨ નીચે આપેલા વિષયમાંથી કોઇપણ એક વિષય પર નિબંધ તૈયાર કરો.** **(૧૦)**

૧) ગ્રામ્યજીવન અને શહેરીજીવન વચ્ચે તફાવત.

૨) પ્રકૃતિને ખોળે એક કલાક.

૩) 'સંપ ત્યાં જંપ' કહેવતને આધારે પ્રસંગ, વાર્તા તૈયાર કરો.

૪) મારો શોખ.

**પ્રશ્ન ૩ નીચે આપેલો પત્ર વાંચી, સમજી ને તમારા શબ્દમાં તૈયાર કરો.** **(૭)**

સાસરે ગયેલાં તમારાં બહેનને તેમના પ્રત્યેની તમારી લાગણી વ્યકત કરતો પત્ર લખો.

**પ્રશ્ન ૪ નીચે આપેલો ગદ્યખંડ વાંચી, સમજી સવાલના જવાબ લખો.** **(૫)**

સમયની મૂડી તો દરેક પાસે સરખી જ હોય છે, પણ તેને ખર્ચવામાં તફાવત હોય છે. એક વ્યક્તિ તેને કર કસરથી, યોજના પૂર્વક, વ્યવસ્થિત રીતે ખર્ચે છે, જ્યારે બીજી વ્યક્તિ તેને આડેધડ અને અવિચારીપણે વેડફી નાખે છે. પરિણામે એક ને સંતોષ અને સફળતા મળે છે, બીજાને થાક અને નિષ્ફળતા. જે વ્યક્તિંને પોતાનો સમય વાપરતાં આવડતું નથી, તેને કશું જ વાપરતાં આવડતું નથી. જો તમારી પાસે મર્યાદિત પ્રમાણમાં મૂડી હોય, તો તેમાં થતી બચત એજ કમાણી છે. નવો સમય કોઇને મળી શકતો નથી. એટલે જે માનવ પોતાના સમયની વધુમાં વધુ બચત કરી શકે, તેની પાસે વધુમાં વધુ સમય જમા થઇ શકે અને જેની પાસે સમય જમા થાય તેની પાસે શક્તિ પણ જમા થાય. સમય અને શક્તિ ભેગાં થાય એ પછી શું ન કરી શકે ? એ ધારે તે કરી શકે.

**પ્રશ્નો :-**

૧) કઇ વ્યક્તિને સંતોષ અને સફળતા મળે છે ?

૨) કઇ વ્યક્તિને થાક અને નિષ્ફળતા મળે છે ?

૩) વ્યક્તિની કમાણી કઇ છે ?

૪) કઇ વ્યક્તિ પાસે સમય અને શક્તિ જમા થાય ?

૫) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**સમાપ્ત**